**Date :** January7, 2011

**Publication :** Divya Bhaskar

**Edition :** Ahmedabad

## અલપારી એસએમઈ માટે નાણાકીય જોખમો સામે સેવા પૂરી પાડશે

અમદાવાદ : અલપારી ઈન્ડિયા વિશ્વની સૌથી મોટી નાણાકીય સેવાઓ આપતી કંપની અલપારી ગ્રૂપ ઓફ કંપનિઝનો એક ભાગ છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ગુજરાતની તે પ્રાયોજક કંપની છે. કંપનીના સીઈઓ પ્રમિત બ્ર?ભટ્ટે જણાવ્યું હતું કે હાલમાં ગુજરાત ખાતે અમારી પાસે ૮૫થી ૮૬ જેટલી એસએમઈ કંપનીઓ ગ્રાહક તરીકે સેવાઓ લે છે. કંપનીનું ધ્યેય આગામી નાણાકીય વર્ષ સુધીમાં જેમ બને તેમ વધારે ગ્રાહકો મેળવવાનું છે. કંપની ગુજરાતના ઓટોએન્સિલરી, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્મા વગેરે ક્ષેત્રની એસએમઈ કંપનીઓને પોતાના ગ્રાહક બનાવવા માગે છે.